## નવા ચિબોડા પ્રાથમીક શાળાનું ગૌરવ

ભિલોડા,તા.૨૭

ભિલોડા તાલુકાના નવા ચિબોડા પ્રાથમીક શાળાનું ગૌરવ વધારેલ છે. સાબર ડેરીની સુવર્ણ



જયંતી ઉજવણી પ્રસંગે સ્વર્ણિમ સાબર વક્તૃત્વ સ્પર્ધામાં દુધએ પૌષ્ટીક આહાર વિષય ઉપર નવા ચિબોડા પ્રાથમીક શાળા ધોરણ.૭ ની વિદ્યાર્થીની શૈલેન્દ્રીબેન બાપુલાલ પરમારએ પ્રાથમીક વિભાગમાં જીલ્લા કક્ષાએ પ્રથમ નંબર મેળવી રૂ.૫૦૦૦/-રોકડા, ટ્રોફી, સન્માન પત્ર મેળવી નવા ચિબોડા પ્રાથમીક શાળા અને ગામનું ગૌરવ વધારેલ છે.

## બામણા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં એન. એસ. એસ.નો ઓરીયેન્ટેશન કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૨૭

બામણા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં એન.એસ.એસ.નો ઓરીયેન્ટેશન કાર્યક્રમ યોજાયો. ગુજરાત યુનિવર્સિટી એન. એસ. એસ. કો. ઓ. ડૉ.એન.પી.વર્માએ ઉપસ્થિત રહીને એન. એસ. એસ. અંગેની પ્રવૃત્તીઓની વિગતે માહિતી આપી હતી. કાર્યક્રમમાં સંસ્થાના મંત્રી જગદીશભાઈ જોષી, પ્રિન્સિપાલ ડૉ. કલ્પનાબેન પટેલ, અધ્યાપકો તેમજ સ્વયં સેવક ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

## બામણા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં રાષ્ટ્રભાષા દિવસ ઉજવાયો

બામણા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે હિન્દી વિભાગ અને એન.એસ.એસ.યુનિટના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રભાષા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે હિન્દી ભાષામાં નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. નિબંધોનું મુલ્યાંકન કોલેજના પ્રિ. ડૉ.કલ્પનાબેન પટેલએ કર્યું હતું.



અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં વિવિધ સંસ્થાઓ અને યુવક મંડળ દ્વારા નવરાત્રી મહોત્સવ યોજવામાં આવે છે. જેમાં શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ, મોડાસા શહેર દ્વારા મોડાસા શહેરના મેઘરજ રોડ ઉપર આવેલી સહકારી જીનના મેદાનમાં રિધ્ધી સિધ્ધી નવરાત્રી યોજવામાં આવે છે. જેમાં બાળકોને પ્રોત્સાહિત કરવા અને તેમનામાં રહેલી સુષુપ્ત અવસ્થાનો વિકાસ થાય એટલા માટે રિધ્ધી સિધ્ધી નવરાત્રી દ્વારા બાળકો માટે અલગથી રાત્રે ૮.૩૦ કલાકથી ૯.૩૦ કલાક સુધી એક કલાક માટે 'ધમાચકડી' બાલ નવરાત્રીનું આયોજન કરવામાં આવે છે. જેમાં મોડાસા શહેર અને આજુબાજુના ગામડાઓના ભૂલકાઓ ખૂબજ મોટી સંખ્યામાં પ્રથમ દિવસથી જ નવરાત્રીમાં ગરબા રમવા ઉમટી પડે છે. બાળકોને એકલા જ પોતાની મસ્તીમાં ગરબે રમતા જોવા એ એક અલગ અનુભૂતિનો અહેસાસ કરાવે છે. તેમજ નવરાત્રી દરમિયાન વિવિધ સાંસ્કૃતિ સ્પર્ધાઓ અને વેશભૂષાઓનું આયોજન કરવામાં આવે છે. તેમજ શિસ્તબદ્ધ અને લયબદ્ધ ગરબે રમતા બાળકોને નિહાળતા તેમના માતાપિતા પણ હર્ષની લાગણી અનુભવે છે. બાળ ગરબાના અંતે વિવિધ દાતાઓ દ્વારા બાળ ખેલૈયાઓને લ્હાણી આપી ઉત્સાહિત કરવામાં આવે છે. (તસવીર : જય અમીન, મોડાસા)

## બામણા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં વ્યાખ્યાન યોજાયુ

ભિલોડા,તા.૨૭

બામણા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં એન.એસ.એસ.યુનિટ ધ્વારા તાજેતરમાં થેલેસિમિયા અને રક્તદાન જાગૃતિ માટે વ્યાખ્યાન યોજાયું હતું.ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી અમદાવાદ સેક્રેટરી મહેશભાઈ ત્રિવેદી મુખ્ય વ્યક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા.પ્રિ.ડૉ.કલ્પનાબેન પટેલ,મંત્રી જગદીશભાઈ જોષીએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.આભારવિધિ ડી.એમ.બી.પી.હાઈસ્કુલ પ્રિ.આર.ડી.પટેલએ કરી હતી.કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફીસર ડૉ.મહેશભાઈ પી.વર્માએ કર્યું હતું.હિન્દી વિભાગ અને એન.એસ.એસ.યુનિટના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રભાષાની ઉજવણી કરવામાં આવી હતી.



અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ડુંગરાળ વિસ્તારમાં આવેલા સુનસર ગામના સીમવિસ્તારમાંથી ૧૧ ફુટ લાંબો અજગર ઝડપાયો છે.સુનસર ગામના ફારૂકભાઈ મનસુરીના જણાવ્યા મુજબ સુનસર ગામના સીમવિસ્તારમાં ખેતીલાયક જમીન ધરાવતા ખેડુત મનુભાઈ ભીખાભાઈ પટેલના ખેતરમાં ખેત મજુર ખેતરમાં મગફળીના પાકમાં ઘાસ વાઢતા હતા ત્યારે એકા-એક અજગર જોવા મળતાં તેઓ ગભરાઈ ગયા હતા ત્યારે બુમા-બુમ કરી મુકતા ખેડુતો અને ખેતી કામકાજ કરતા ખેત મજુરો ગભરાઈ ગયા હતા.વન વિભાગના સુનસર બીટગાર્ડ અને સ્ટાફ પરીવારે ભારે જહેમત બાદ ૧૧ ફુટથી વધુ લાંબો અજગરને ઝડપી લીધો હતો.મહાકાય અજગરને કોથળામાં ભરી લઈ ગયા હતા.મહાકાય અજગરને નિર્જન જંગલમાં છોડી દેવાયો હતો પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે સુનસર ગામના સીમવિસ્તારમાંથી મહાકાય અજગર નીકળ્યો હોવાના સમાચાર વાયુવેગે પ્રસરી જતાં પ્રજાજનોના ટોળે-ટોળા અજગરને જોવા ઉમટ્યા હતા.મુનાઈ ગામના સીમવિસ્તારોમાં ખેતરોમાં ખેતીકામ કરતા ખેડુતો,શ્રમજીવીઓ,પશુ-પાલકો ભયભીત બન્યા છે. ભિલોડા તાલુકાના સુનસર,મુનાઈ સીમવિસ્તારમાં અજગરો નીકળવાનો સીલસીલો જારી બનતાં ખેડુતો ભયની લાગણી અનુભવી રહ્યા છે.

## ભિલોડામાં એસ.બી.આઈ. ગ્રાહક સેવા કેન્દ્રનો શુભારંભ

ભિલોડા,તા.૨૭

ભિલોડામાં એસ.બી.આઈ. ગ્રાહક સેવા કેન્દ્રનો શુભારંભ કાર્યક્રમ યોજાયો.આ પ્રસંગે ગુજરાત રાજ્ય બેકીંગ વિભાગ પ્રભારી સંજીવ શર્મા, ભિલોડા એસ.બી.આઈ. મેનેજર એસ. વી.બોદર, ભિલોડા એસ.બી.આઈ. ગ્રાહક સેવા કેન્દ્ર સંચાલક ભાવેશભાઈ સુથાર ઉપસ્થિત રહ્યા હતા.પ્રધાન મંત્રી જનધન યોજના અંતર્ગત એક હજારથી વધુ ખાતા ખોલી ભિલોડા એસ.બી.આઈ. ગ્રાહક સેવા કેન્દ્ર ધ્વારા ઉત્કૃષ્ઠ કામગીરી કરવામાં આવી હતી.

## ભિલોડા તાલુકાના કુંડોલપાલ પ્રાથમીક શાળાની શિક્ષીકા ગુમ

ભિલોડા,તા.૨૭

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના કુંડોલપાલ પ્રાથમીક શાળાની નવયુવાન શિક્ષીકા એકા-એક ગુમ થઈ જતાં ચકચાર મચી જવા પામી છે.ઈડર તાલુકાના બુઢીયા ગામની ૨૩ વર્ષીય નવયુવાન શિક્ષીકા શાળામાંથી રજા મેળવી ઘરે જવા નીકળી હતી પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે આ નવયુવાન શિક્ષીકા ક્યાં ગઈ હશે ? શું આ નવયુવાન શિક્ષીકાનું કોઈએ અપહરણ કર્યું હશે તેવી અવનવી ચર્ચાઓએ ભારે જોર પકડ્યું હોવાનું લોકમુખે ચર્ચાય છે.ભિલોડા પોલીસ સ્ટેશનના આધારભુત પોલીસ સુત્રો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ કુંડોલપાલ ગામની કુંડોલપાલ પ્રાથમીક શાળામાં શિક્ષીકા તરીકે ફરજ બજાવતા ઈડર તાલુકાના બુઢીયા ગામની રહેવાસી શ્વેતાબેન ઉર્ફે રીંકલબેન મહેશભાઈ પટેલ,ઉંમર વર્ષ-૨૩ છે.કુંડોલપાલ પ્રાથમીક શાળામાં અડધી રજા મુકી નીકળી ગયા હતા.રીંકલબેન પટેલ ઘરે ના પહોંચતાં પરીવારજનો અને સગાંસબંધીઓ ધ્વારા ભારે શોધખોળ હાથ ધરવામાં આવી હતી પરંતુ રીંકલબેનનો આજદિન સુધી કોઈ પત્તો ના મળતાં ઈડર તાલુકાના બુઢીયા ગામના રહેવાસી મહેન્દ્રભાઈ જીવાભાઈ પટેલએ ભિલોડા પોલીસ સ્ટેશનમાં જાણ કરતાં ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.આઈ. પી. એસ. પરમાર ધ્વારા નવયુવાન શિક્ષીકાની શોધખોળના ચક્રો ગતિમાન કરેલ હોવાનું જાણવા મળેલ છે.

## લ્યો... કરો વાત... મોડાસાના ગરીબ કલ્યાણ મેળામાં ભાજપાના નેતાને ખુરશી ન મળતા રીસામણા મનામણા

મોડાસા, તા.૨૭

ખુરશી પાછળની આંધળી દોટ દરેક નેતા સ્વાભાવ માં વણાયેલી હોય છે. વાત એવી બની કે આજે મોડાસા ખાતે યોજાએલ ગરીબ કલ્યાણ મેળા માં ભાજપના એક નેતા ને ખુરશી ન મળી અને પછી શરૂ થયા જોવા જેવા રીસામણા મનામણા ના દૅશ્યો આજ રોજ મોડાસા શહેરમાં પ્રાંત કક્ષાના યોજાએલ ગરીબ કલ્યાણ મેળા માં રમુઝ ફેલાય તેવી એક વાત બની હતી કે સાચી જ કહેવત છે કે નેતાઓ ખુરશી ભુખ્યા જ હોય છે આવો જ એક કીસ્સો આજે મોડાસા ખાતે યોજાએલ ગરીબ કલ્યાણ મેળામાં જોવા મળ્યો ખુરશી માં થી ઉભા થઈને ભાગતા મહાશય સાબરકાંઠા અરવલ્લી જીલલાના ભાજપના બક્ષીપંચ મોરચાના પ્રમુખ છે. પાર્ટીએ એટલા બધા હોદ્દા આપી દીધા છે કે કાર્યકરો પણ ભુલી જાય છે કે કોણ નેતા છે. વાત જાણે કે એમ બની કે મોડાસા ખાતે યોજાએલ ગરીબ કલ્યાણ મેળામાં ખુરશીમાં બેઠેલા બક્ષીપંચ મોરચાના પ્રમુખને કોઈએ લાભાર્થીને બેસાડવા ઊભા કરી દીધા અને બસ પછી તો જોવું તો શું પ્રમુખનો પીત્તો ગયો અને સીધી દોટ મુકી મંડપની બહાર પણ જયારે કાર્યકર્તાને પોતાની ભુલનુ ભાન થયુ ત્યારે ભાજપના કાર્યક્રમને છોડીને ભાગતા બક્ષીપંચ મોરચાના પ્રમુખને મનાવાનો દોર શરૂ થયો એક ટોળુ ગરીબ કલ્યાણ મેળાને છોડીને જતા નેતાજીને માંડ માંડ મનાવી પાછા લાવ્યા અને છેવટે ખુરશી પાછી મળતા નેતાજી રાજીના રેડ પણ થઈ ગયા આવા છે આપણા દેશના આ નેતાઓ.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)



## મોડાસા ખાતે યોજાએલ ગરીબ કલ્યાણ મેળામાં ૯૧૦૭ લાભાર્થીઓને સહાય ચુકવાઈ

મોડાસા, તા.૨૭


નવરચિત અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે પ્રાંત કક્ષાનો ગરીબ કલ્યાણ મેળાનુ પશુપાલન મંત્રી બચુભાઈ ખાબડે દિપ પ્રાગ્ટય કરી ખુલ્લો મુકયો હતો ત્યારે તેમણે જણાવ્યુ હતુ કે વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ ગરીબી રેખામાંથી ગરીબોને બહાર લાવવા વિકાસ યજ્ઞને પ્રથમ મહિલા મુખયમંત્રી શ્રી આનંદીબેન પટેલે જન-જન સુધી પહોચાડવાનો કર્મ મંત્ર બનાવી વ્યાપક રીતે અમલમાં મુકવામાં આવ્યો છે.

આજે યોજાએલ ગરીબ કલ્યાણ મેળામાં મોડાસા મેઘરજ અને ભીલોડાના ૯૧૦૭ લાભાર્થીઓને રૂ ૧૦૦૯.૭૮ લાખની સહાય ચુકવવામાં આવી હતી. લાભાર્થીઓને ચેક વિતરણ કરતાં મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યુ હતુ કે ગુજરાત માત્ર એક એવુ રાજય છે કે જયાં ગરીબોના ધ્વારે જઈ સહાય આપી તેઓને સ્વમાનભેર જીવવા માટે પ્રેરકબળ પુરુ પાડવામાં આવે છે.

મંત્રીશ્રી ખાબડે જણાવ્યુ હતુ કે ગુજરાત સરકારે નારી શકિતને વિકાસની સમાન ભાગીદાર ગણી છે. આદિવાસી વિસ્તારની ગરીબ પરીવારની મહિલાઓ માટે દુધ મંડળી રચીને વિવીધ સહાય આપી પગભર કરવાનો રાજય સરકારે નિર્ણય કર્યા છે. મહિલા સુરક્ષા અંગે જણાવ્યુ હતુ કે બહેનો અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગામી સ્વચ્છતા અભિયનનો ઉલલેખ કરતાં જણાવ્યુ હતુ કે ગુજરાત સ્વરછ હશે તો ગુજરાત સમર્થ બનશે જે પ્રસંગે સૌનો સાથ સૌનો વિકાસ મંત્રને સિધ્ધ કરવા જયારે આ પ્રસંગે ઔડાના ચેરમેન અશોકભાઈ ભાવસારે જણાવ્યુ હતુ કે કુરરીવાજો અંધશ્રધ્ધા વ્યસનો ત્યજી સહાય નો સદઉપયોગ કરવા જણાવ્યુ હતું.

જયારે અરવલ્લી જિલ્લા કલેકટર બી. જે. ભટ્ટે જણાવ્યુ હતુ કે ગરીબ કલયાણ મેળાના અયોજન અંતિત સરકારના સાતત્ય પુર્ણ વહીવટની પારર્દશિતા પ્રતિતિ થાય છે. તેમ જણાવી ઉમેર્યું હતુ કે આ જન આંદોલન અભિયાનમાં તમામે સહભાગી બની આર્થીક સામાજીક સશકિતકરણ ને અગ્રતા આપવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે ત્રણેય તાલુકાના લાભાર્થીઓને મહાનુભવો ધ્વારા સહાયકિટનુ વિતરણ કરવામાં આવ્યુ હતું.

આ પ્રસંગે સાંસદ દિપસિંહ રાઠોડ, જિલ્લા વિકાસ અધિકારી નાગરાજન અધિક જિલ્લા કેલકટર એ. બી. પટેલ તેમજ મોડાસા પ્રાંત અધિકારી ત્રણેય તાલુકાના તાલુકા વીકાસ અધિકારીઓ મામલતદારો તેમજ ભાજપના આગેવાનો અને મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થીત રહયા હતા.



## સાંકરી નદીમાં ડુબેલા મૃતકોના પરિવારને બે-બે લાખની સહાય

થોડાક સમય પહેલા મોડાસા ની સાંકરી નદીમાં ડંબી જવાથી પાંચ વ્યકતીઓના મોત નીપજયા હતા જેમાં ત્રણ વીદ્યાર્થીઓ અને તેમને બચાવવા જતા પરીવારના બે જાણા એ જીવ ગુમાવ્યો હતો આ મૃતકો ના પરીવાર ને બે-બે લાખ ની સહાય ચુકવામુ આવી હતી વહીવટી તંતર ધ્વાારા શુક્રવાર ના રોજ આ મૃતકો ના પરિવારજનો ને સહાય ચુકવામાં આવી હતી અને ચેક નુ વિતરણ કરવામાં આવ્યુ હતુ. અરવલ્લી જીલ્લા માં પડેલ ભારે વરસાદ ના કારણે નદી નાળા છલકાઈ ગયા હતા દરમિયાન ચાંદટેકરી નજીક થી પસાર થતી સાંકળી નદી માં ત્રણ વીદાર્થીઓ શાળામાંથી પરત ફરતી વખતે તણાઈ ગયા હતા જયારે આ ત્રણેય ને ડુબતા જોઈ પરિવાર ના બે જણા બચાવવા પડયા હતા જેમાં આ પાંચેય નુ ડુબી જવાથી મૃતયુ થવા પામ્યુ હતુ. આ બનાવ ને પગલે સરકાર ધ્વારા મૃત્યુ સહાય યોજના અંર્તગત મૃતકો ના પરીવાર જનો ને બે-બે લાદ રૂપિયાની સહાય ચુકવામાંઆવી હતી જેમાં શુક્રવાર ના રોજ જિલ્લા પંચાયત ના પ્રમુદ હેમલત્તાબેન પટેલ પુરવઠા અધિકારી જસવંતભાઈ જેગોડા મામલતદાર વિશાલ સકશેના સહિતે ચાંદ ટેકરી નજીક રહેતા મૃતકો ના પરિવાર જનો ને આ સહાય નો ચેક અર્પણ કર્યો હતો.

## મોડાસાની અડધો ડઝન પોલીસ ચોકીઓ શોભાના ગાંઠીયા સમાન

### ચોકીઓ કાર્યરત થાય તેવી જનતાની માંગ

મોડાસા, તા.૨૭

મોડાસા શહેરના ધનસુરા રોડ, બાય પાસ રોડ, ધોબી ઢાળ તથા શહીદ ચોકમાં પોલીસ ધ્વારા નગરજનોની સુરક્ષાના ભાગ રૂપે પોલીસ ચોકીઓ બનાવાઈ છે. પરંતુ કેટલાય સમયથી આ પોલીસ ચોકીઓને ખંભાતી તાળા લાગી ગયા હોય તેમ આ પોલીસ ચોકીઓ શોભાના ગાંઠીયા સમાન બની છે. બીજી તરફ શહેરમાં અકસ્માત તથા ચીલ ઝડપના બનાવોમાં વધારો થઈ રહયો છે. ત્યારે પોલીસ ધવારા સુરક્ષાના ભાગરૂપે બનાવવામાં આવેલી આ ચોકીઓ ફરીથી કાર્યરત થાય તેવી લોક માંગ ઉઠવા પામી છે.

અરવલલી જીલ્લાના મોડાસામાંથી પસાર થતો શામળાજી ગોધરા હાઈવે ઉપર વારંવાર અકસ્માતો થતા હોય છે. આ અકસ્માતના સમયે લોકોને તાત્કાલીક પોલીસ સહાય મળે તે હેતુસર બાયપાસ ઉપર પોલીસ ચોકી બનાવામાં આવી છે. પરંતુ આ પોલીસ ચોકીના ઉદઘાટન બદ આ ચોકી શોભાના ગાંઠીયા સમાન બની ગઈ છે. એવી જ દશા મોડાસા ધનસુરા રોડ ઉપર આવેલી કોલેજ પોલીસ ચોકીની છે અને એજ પ્રમાણે શહીદ ચોક તથા ધોબી ઢાળ પોલીસ ચોકીની પણ છે. જયારે કોલેજ પાસે આવેલી પોલીસ ચોકીનુ તાળુ તો કયારેય ખુલતુ જ નથી અને શહેરમાં ચોરી હોય છે પછી ચીલ ઝડપ હોય આ ચોકીઓ બંધ રહેતી હોવાના કારણે ગુનેગારોને ગુનો કરી નાસવામાં પણ સફળતા મળે છે. જયારે આ ચોકીઓ શહેરના પ્રવેશ ધ્વારો ઉપર જ આવેલી છે જો જીલ્લા પોલીસ વડા મયુરસિંહ ચાવડા ધ્વારા આ બાબતને ધ્યાને લઈને આ બંધ હાલતમાં પડી રહેતી પોલીસ ચોકીઓને કાર્યરત કરે તેવી મોડાસા શહેરની જનતાની લાગણી છે.

મોડાસાની તમામ બોર્ડર ઉપર તથા સંવેદનશીલ વિસ્તારોમાં લોકભાગીદારીથી ૬ જેટલી પોલીસ ચોકીઓ બનાવામાં આવી છે અને આ ચોકીનો ઉદશ્ય હતા કે લોકો ને મુશ્કેલી સમયે પોલીસની ઝડપી મદદ મળી રહે પરંતુ મોડાસાની આ તમામ પોલીસ ચોકીઓ ઉપર કોઈ પણ પોલીસ કે હોમગાર્ડના જવાન દેખાતા નથી અને આ ચોકીઓ સુમસામ બની છે અને મોડાસા નગરની જનતા પોતાને અસુરક્ષીત મહેસુસ કરી રહી છે.

મોડાસા શહેરમાં ઘણા અણબનાવો બનતા હોય છે. જેની સામે મોડાસા પોલીસ સ્ટેશનમાં સ્ટાફ ઓછો હોવાનુ મોડાસા પોલીસ રાગ આલાપી રહી છે. જયારે મોડાસા ટાઉન પોલીસ આ બાબતે કઈ પણ કહેવાનો ઈનકાર કરી રહયા છે. ત્યારે મોડાસામાં મોડાસા પોલીસ જ લોકોને સહાય નહી કરે તો લોકો મુશ્કેલીના સમયે કોની પડખે જશે જેથી પોલીસ ધ્વારા સ્ટાફની અછત પુરી કરીને આ ચોકીઓ ઝડપી કાર્યરત થાય દીશામાં કામ કરવુ જોઈએ આ ચોકીઓ ચાલુ કરવા માટે મોડાસાવાસીઓએ પોલીસને મૌખીક રજુઆત તેમજ લેખીતમાં આવેદનપત્રો પણ આપેલા છે.

જયારે અરવલ્લી જિલ્લામાં ક્રાઈમ રેટ દિવસેને દિવસે વધી રહયો હોવા છતાં પોલીસ ઉંઘમાં હોય તેમ પોલીસ ચોકીઓ તૈયાર હોવા છતાં પણ કાર્યરત કરતી નથી તે પ્રશ્ન લોકોને સતાવી રહયો છે. હાલ તો લોકો આ પોલીસ ચોકીઓ કાર્યરત થાય તેની કાગડોળે રાહ જોઈ રહયા છે.

## પાલનપુરમાં ગેરકાયદેસર મોબાઈલમાં ડાઉન લોડીંગ કરી આપતા દુકાનદારોને ત્યા દરોડા

પાલનપુર, તા. ૨૭

પાલનપુર શહેરમાં જુદા જુદા સ્થળોએ મોબાઈલ ફોનના મેમરી કાર્ડમાં ફિલ્મી ગીતો બ્લ્યુ ફિલ્મો જે તે કંપનીના અધિકૃત પરવાના વગર કમ્પ્યૂટર વડે ડાઉનલોડ કરતા વેપારીને ત્યાં શહેર પોલીસે આકસ્મીક દરોડા પાડી અંદાજે રૂ. ૧ લાખનો મુદ્દામાલ કબજે કરી ચાર દુકાનોના સંચાલક સામે કોપીરાઈટ એક્ટ મુજબ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પાલનપુર શહેરમાં આજે જુદા જુદા સ્થળોએ મોબાઈલ ફોનના મેમરી કાર્ડમાં ફિલ્મી-ગીતો કે બ્લ્યૂ ફિલ્મો જે તે કંપનીના અધિકૃત પરવાના વગર કમ્પ્યૂટર વડે ડાઉનલોડ કરી આપે છે જે ફરિયાદના આધારે 'ટી' સીરીઝ કંપનીએ અધિકૃત કરેલ સુમન એન્ટર પ્રાઈઝની ટીમે પૂર્વ શહેર પોલીસની ટીમ સાથે અચાનક જ દરોડા પાડ્યા હતા. મહાલક્ષ્મી મોબાઈલ, ઓમ મોબાઈલ, કિસ્મત મોબાઈલ અને ડી.જે. મોબાઈલ ખાતે ગેરકાયદેસર રીતે બિન્દાસપણે અશ્લિલ સાહિત્ય મેમરી કાર્ડમાં ભરી આપવામાં આવતુ હોવાનું પોલીસને ધ્યાને આવતા ચારેય દુકાનના સંચાલકો હરેશ જીવારામ પુરોહિત, પ્રકાશ રમેશ પુરોહિત, અહેમદખાન મીરજા, ડાહ્યાભાઈ જીવારામ પુરોહિત પાસેથી પોલીસે કમ્પ્યૂટર સહિતનો ૧ લાખનો મુદ્દામાલ કબજે કરી તમામ વિરૂદ્ધ કોપીરાઈટ એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧



ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦